# विभाग-१० | माध्यमिक शिक्षण बोर्ड

## 97 (૧) માન્ય વર્ગમાં ૪૫ થી વધુ વિદ્યાર્થીને પ્રવેશ આપવાની મંજૂરી જિ.શિ.અ. મારફત બોર્ડમાંથી મેળવવા અંગે

પરિપત્ર : ૩૭૩/૯૪ ગુ.મા.શિ.બોર્ડ, ક્રમાંક : મશબ/ગ/વધુ પ્રવેશ/૯૪/૨૫૯૯

સેક્ટર ૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. ૧૯/૨૦-૫-'૯૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : રજિસ્ટર્ડ બિનસરકારી માધ્યમિક શાળાઓના માન્ય વર્ગોમાં વધુ વિદ્યાર્થીને પ્રવેશ આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે માધ્યમિક શાળાઓમાં જુદાં જુદાં ધોરણોના વર્ગોમાં વધુ પ્રવેશના પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૯(૧૩)(૩) પેરા-૨ મુજબ પ્રત્યેક વર્ગમાં વધુમાં વધુ ૪૫ની સંખ્યા રાખવી. તેમજ જે વર્ગમાં ૪૫ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગ્યા અને સાધનસામગ્રી હોય તો તે વર્ગમાં ૪૫ વિદ્યાર્થીઓ ઉપરાંત ૫ કરતાં વધારે ન હોય તેટલા વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પ્રવેશપરવાનગી આપી શકશે તેવી જોગવાઈ છે. વધુ પ્રવેશના પ્રશ્નોને હલ કરવાના હેતુઓમાં સુધારો કરી ૧૦ કરતાં વધારે ન હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓને પ્રવેશની પરવાનગી શાળાઓને, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપી શકશે. આમ છતાં ૪૫ + ૧૦ = ૫૫ વિદ્યાર્થી કરતાં પ્રત્યેક વર્ગમાં વધુ સંખ્યામાં પ્રવેશ આપવાનો થાય તો જ વધુ પ્રવેશ અંગેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને મોકલવાની રહેશે.

ઉપરોક્ત અંગેનો અમલ આગામી નવા સત્રથી કરવાનો રહેશે.

ઉપરોક્ત બાબતની જાણ આપના તાબાની તમામ બિનસરકારી માન્ય માધ્યમિક શાળાઓના વડાઓને કરવા વિનંતી છે.

સહી, આર. સી. રાવલ
સચિવ, ગુ.મા.શિ.બોર્ડ

* * *

98 (૨) ...

* * * *

## (108) માધ્યમિક શાળાઓમાં નિયત સંખ્યા કરતાં વધુ પ્રવેશ ન આપવા અંગે.

ગુજરાત મા. શિક્ષણ બોર્ડ, પરીપત્ર ક્રમાંક : 411/2000
ક્રમાંક : મશબ/ગ/ટે.6/વધુ પ્રવેશ/3172/3252
સેક્ટર - 10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર તા. 18-4-2000

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**સંદર્ભ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 30-3-2000 ની સામાન્ય સભા.

**વિષય :** માધ્યમિક શાળાઓમાં નીયત ક સંખ્યા કરતાં વધુ પ્રવેશ ન આપવા બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે રાજ્યની નોંધાયેલી માધ્યમિક શાળાઓમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ ક્રમાંક : 13 (3) હેઠળ નક્કી કરેલ મર્યાદા ધ્યાને રાખી આપીન કક્ષાએથી 45+5 વિદ્યાર્થીઓને મંજૂરી આપવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. તેમ જ તે મર્યાદા ઉપર વધુમાં વધુ પાંચ વિદ્યાર્થી એટલે કે 50 + 5 = 55 વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની દરખાસ્ત બોર્ડને કરવાની રહે છે. તે ઉપરની દરખાસ્તો બોર્ડને મોકલવી નહિ તેવો નિર્ણય બોર્ડની સંદર્ભની સામાન્ય સભાએ કરેલ છે, જેની નોંધ લઈ હવે પછી વર્ગમાં 55 થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની દરખાસ્તો રજૂ કરવી નહિ. આ સૂચનાનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

આ અંગેની જાણ આપના તાબા હેઠળની નોંધાયેલી માધ્યમિક શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

સહી, આર. એમ. પટેલ
સચિવ, ગુ.મા. શિ. બોર્ડ

* * * *

## (109) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1972-1974 માં ફેરફાર કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : મસબ-2000-1949-છ,

સચિવાલય, ગાંધીનગર, તા. 30-5-2000

**ઠરાવ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 (સને 1973 ના 1974ની) કલમ-35 ની પેટા કલમ (3) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1973 ની હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1974માં નીચે ફેરફાર મંજૂર કરેલ છે :

વર્તમાન વિનિયમ ક્રમાંક : 9 (13) (3) નો સુધારો નીચે મુજબ વાંચવો :

વિનિયમ ક્રમાંક 9 (13) (3) વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગ્યાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું ધોરણના ડિવિઝનમાં પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે. પરંતુ વધુમાં વધુ 60 વિદ્યાર્થી રહેશે.

વધુમાં .જે વર્ગમાં 60 કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગ્યાઓ, સાધનસામગ્રી હોય તે વર્ગમાં 60 વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે હોય તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશ આપી શકાશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એન. એમ. ચૌધરી,
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * * *

અન્ય સુવિધા રાખવા બાબત

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, પત્રક્રમાંક: મશબ/જી/જનરલ/૩૯૩૨/૩૯૫૧

સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. ૨૮-૨-'૯૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),

**વિષય :** માધ્યમિક શાળાઓ માટે બંધાતાં નવાં મકાનોમાં જરૂરી ક્ષેત્રફળવાળા વર્ગખંડો તથા અન્ય સુવિધા રાખવા બાબત.

**મહાશય,**

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે કેટલીક નોંધાયેલી શાળાઓ શરૂઆતમાં ભાડાના મકાનમાં બેસે છે. અને પછી મંડળ દ્વારા મંડળની માલિકીનું બાંધકામ થાય ત્યારે તેમાં શાળા ફેરવવા બાબતે બોર્ડની મંજૂરી માંગવામાં આવે છે. આવા કેટલાક કિસ્સાઓમાં વર્ગખંડો ઘણા નાના હોય છે. એક કિસ્સામાં ૨૫૦ ચો. ફૂટના વર્ગખંડો બાંધ્યા પછી મંડળ સ્થળફેરફારની માંગણી કરતી હતી.

આ બાબતમાં આપનું ધ્યાન માધ્યમિક શિક્ષણ વિનિયમ-૯ (૧૩) (૨) તરફ દોરવામાં આવે છે. આ વિનિયમ પ્રમાણે શિક્ષકના ખુરશી, ટેબલ અને પ્લેટફોર્મ સિવાય દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછી ૮ ચો. ફૂટની જગ્યા હોવી જોઈએ. માધ્યમિક શાળામાં એક વર્ગમાં સામાન્ય રીતે ૪૫ વિદ્યાર્થીઓની વર્ગસંખ્યા ગણાય. આ રીતે વિદ્યાર્થીઓ તથા શિક્ષકની જરૂરિયાત ધ્યાનમાં લેતા વર્ગખંડનું ક્ષેત્રફળ ઓછામાં ઓછું ૪૦૦ ચો. ફૂટ હોવું જોઈએ.

નાના ઓરડાવાળું મકાન બાંધી સંચાલક મંડળ સ્થળફેરફારની માંગણી કરે તો તે ઉપર જણાવ્યા પ્રમાણે માન્ય રહી શકે નહિ.

આ સ્પષ્ટતા આપના કાર્યક્ષેત્રની તમામ નોંધાયેલ માધ્યમિક શાળાનાં સંચાલક મંડળોના ધ્યાન પર લાવવા વિનંતી છે. આ જ નિયમો ભાડાના મકાન માટે પણ લાગુ પડે છે.

વધુમાં શાળા સંચાલક મંડળો તરફથી મકાનફેરફારની દરખાસ્ત મળ્યેથી શાળાના જૂના ઓરડાઓની ઉપયોગિતા તેમજ વર્ગખંડોના ક્ષેત્રફળની માહિતી પણ અચૂક મોકલી આપવાની રહેશે.

સહી, **પ્રવીણસિંહ ચાવડા,**

સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

* * *

## ૭૧ (૯) બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરાસરી હાજરીમાં પડતી તૂટ માફ કરવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૫-૧૮૮૭-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫-૮-'૯૫

*વંચાણે લીધો : શિ.વિ.નો ઠ.ક. : બમશ-૧૧૮૬-૫૫૯-ગ, તા. ૫-૧-'૮૮*

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ ઠરાવથી રાજ્યની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં ૧૦ (દશ) સુધીની સરેરાશ હાજરીની તૂટ માફ કરવાની સત્તા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીને આપવામાં આવેલ છે. તાજેતરમાં ખોટા વિદ્યાર્થીઓ અને ખોટા વર્ગોની ઝુંબેશ દરમિયાન આવા વિદ્યાર્થીઓની સંખ્યા અંગે ગ્રાન્ટપાત્રતા માટે ઓછામાં ઓછી સરાસરી હાજરી અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય અને તૂટ પડે તો પૂરતા રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો પણ કમિશનરશ્રી તેમની કક્ષાએ પૂરતી ચકાસણી કરી, વર્ગો ઘટતા ઘટતાં જે છેલ્લો વર્ગ રહે તે વર્ગમાં ૧૦ (દશ) વિદ્યાર્થીઓ સુધીની તૂટ માફ કરવાની સત્તા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કમિશનરશ્રીની રહેશે, એટલે અંશે ગ્રાન્ટ-ઈન-એઈડ કોડનો નિયમ-૯૬ સુધારેલો ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, અશ્વિન ભાવસાર,

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *